**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરમાં કોરોના ટેસ્ટીંગ કરાવવા બાબતે નાગરિકોમાં ડરનો માહોલ

## વસાહતો-સોસાયટીઓ કે કોલોનીઓમાં યોજાતા કોરોના ટેસ્ટીંગ કેમ્પમાં માંડ ૩૦ થી ૪૦ ટકા નાગરિકો ટેસ્ટ કરાવે છે : નાકમાં સ્ટ્રીપ નાંખીને કરાતું ટેસ્ટીંગ ટીવી પર જોઈને પણ ટેસ્ટ ટાળતાં નાગરિકો : કોરોના ટેસ્ટીંગ કરાવવા બાબતે જાગૃતિ વધે તે જરૂરી

ગાંધીનગર, તા.૮

સમગ્ર વિશ્વ અત્યારે કોરોના મહામારીમાંથી પસાર થઈ રહ્યું છે. તાજેતરમાં પ્રાપ્ત સમાચારો અનુસાર યુરોપના દેશોમાં જયાં કોવિડ-૧૯ સંક્રમણનો ખતરો ટળી ગયો હોવાનું માનવામાં આવતું હતું ત્યાં ફરીથી વાયરસે માથુ ઉંચકયું છે. ભારતભરમાં પણ કોરોના સંક્રમણ નિયંત્રણમાં આવતું નથી અને ગુજરાતમાં દિન પ્રતિદિન વધી રહેલા કેસોની સંખ્યામાં ગાંધીનગર જિલ્લાનો ફાળો પણ વધતો જઈ રહ્યો છે. આ સ્થિતિમાં પણ શહેરમાં હજુ પણ અનેક નાગરિકો તાવ-શરદી-ખાંસી જેવી તકલીફો હોવા છતાં કોરોના ટેસ્ટ કરાવવાથી ગભરાઈ રહ્યા છે અને ટેસ્ટ કરાવવાનું ટાળી રહ્યા છે જે વાયરસ સંક્રમણને વેગ આપી રહ્યું છે.

ગાંધીનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝિટવ કેસો વધી રહ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા ટેસ્ટીંગની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે અને હવે વસાહતો, સોસાયટીઓ તથા કોલોનીઓમાં ટેસ્ટીંગ કેમ્પ યોજવામાં આવી રહ્યાં છે પરંતુ તેમાં પણ માંડ ૩૦ થી ૪૦ ટકા રહીશો જ ટેસ્ટ કરાવવા તૈયાર થાય છે. જયારે બાકીના નાગરિકોમાં મોટા ભાગના ટેસ્ટ કરાવવાથી ડરતા હોય અથવા પોઝિટીવ આવે તો હોસ્પિટલમાં દાખલ થવું પડશે જેના કારણે તેમના ખર્ચા થશે અને સાથે પોતાના કામ-ધંધા-વ્યવસાય સહિત પરિવાર અટવાઈ પડશે તેવી ભીતિના કારણે અવઢવમાં હોય તેવું જણાઈ રહ્યું છે. આ સ્થિતિમાં સોશિયલ મિડીયા પર કોરોના એક વૈશ્વિક તૂત હોવાના વિડિયો-મેસેજીસની ભરમાર પણ નાગરિકોને ગેરમાર્ગે દોરી રહી છે જેના કારણે નાગરિકો ટેસ્ટ કરાવવાથી કતરાઈ રહ્યા છે અને લક્ષણો હોવા છતાં ટેસ્ટ ના થતાં જયારે પરિસ્થિતિ વણસે ત્યારે હોસ્પિટલ દોડે છે પરંતુ ત્યાં સુધીમાં અનેકને ચેપ લગાડી ચુકયાં હોય છે. ઘણા નાગરિકોતો ટેસ્ટિંગ માટે નાકમાં નાંખવામાં આવતી સ્ટ્રીપને કારણે ટેસ્ટીંગ કરાવતા ડરી રહ્યા છે.

### જેટલું વહેલું નિદાન થશે તેટલી બચવાની શકયતા વધુ

**કોરોના વાયરસના સંક્રમણમાં એક વાત તો સ્પષ્ટ થઈ ચુકી છે કે જેટલું વહેલું નિદાન થઈ જાય તેટલી દર્દીની સાજા થવાની શકતા વધી જાય છે. તેમાં પણ બીપી-ડાયાબીટીસ કે અન્ય ગંભીર બિમારી ધરાવતા કે વ્યસન કરતા દર્દીઓ માટે તે ખૂબ જરુરી છે માટે નાગરિકો જાતે ટેસ્ટ માટે આગળ આવે તે ઈચ્છનીય છે.**




આરોગ્ય તંત્ર દ્વારા વારંવાર નાગરિકોને માસ્ક પહેરવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા સૂચના અપાય છે પરંતુ તે સામે રાજકીય નેતાઓ આ સૂચનોનું જાહેરમાં ઉલ્લંઘન કરતા દેખાય છે તેનો સંદેશ પણ પ્રજામાં ખોટો જઈ રહ્યો છે અને તેના કારણે નાગરિકો પણ આ સૂચનો પ્રત્યે ગંભીરતા દાખવતા નથી. હકીકતમાં કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોવાની તમને જેટલી વહેલી ખબર પડે તેટલી જ તેનાથી બચવાની શકયતા વધી જાય છે. નાગરિકોને આરોગ્ય વિભાગ દ્વારા રહેણાંક વિસ્તારમાં જઈને મફત ટેસ્ટ કરી આપવાનું આયોજન કરવામાં આવે છે જેથી કોરોના ટેસ્ટના ખર્ચાને કારણે ટેસ્ટ કરાવવાનું ટાળતા સામાન્ય વર્ગના નાગરિકો ટેસ્ટ વિના મૂલ્યે કરાવી શકે. જો કે અનેક નાગરિકો સરકારી રેપિડ ટેસ્ટમાં ખામી હોવાનું કારણ આગળ ધરીને ટેસ્ટ કરાવવાનું ટાળતા પણ જોવા મળી રહ્યા છે. જોકે નાગરિકોને ટેસ્ટ પોઝિટીવ આવે તો હવે તો હોમ આઈસોલેશનનો વિકલ્પ પણ અપનાવી શકાય છે તેથી જેટલા વધુ નાગરિક ટેસ્ટ કરાવે તેટલું સંક્રમણને કાબુમાં લેવાનું સરળ બનશે અને પ્રજામાં પ્રવર્તી રહેલ ડર દૂર થાય તે જરુરી છે.

### સોશિયલ મિડીયા પર ખોટી માહિતીથી ભ્રમિત થતા નાગરિકો

**કોરોના વાયરસ તો એક વૈશ્વિક તૂત છે, આ મહામારીના નામે ફાર્મા કંપનીઓની ચાલ છે, હકીકતમાં કોરોના જેવું કંઈ નથી પરંતુ નાગરિકોને ડરાવીને અમુક સ્થગિત હિતોએ સમગ્ર દુનિયાને બાનમાં લેવાનું ષડયંત્ર રચ્યું છે... આવા તો અનેક મેસેજીસ-વિડિયોઝ વગેરેની સોશ્યલ મિડીયા પર ભરમાર ચાલી રહી છે જે ભોળી પ્રજાને ગેરમાર્ગે દોરી રહી છે. કેટલાક મેસેજમાં તો કોરોનાના નામે માણસને મારી નાંખી તેના શરીરમાંથી મહત્વના અંગો કાઢી લેવાનું આંતરરાષ્ટ્રીય રેકેટ ચાલતું હોવાનું પણ કહેવાય છે. આ સંદેશાઓથી ભરમાઈને ભ્રમિત થતાં નાગરિકો કોરોના ટેસ્ટ કરાવવાથી ડરી રહ્યા છે.**

# આઈ.ટી.આઈ ગાંધીનગર (મહિલા) ખાતે પ્રવેશ મેળવવાની છેલ્લી તક

ગાંધીનગર, તા.૮

મહિલા આઈ.ટી.આઈ ગાંધીનગર ખાતે હાલમાં ચાલતાં વિવિધ કોર્ષ પૈકી કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર) અને ફેશન ડિઝાઈન ટેક્નોલોજી ટ્રેડમાં ખાલી રહેલ જૂજ બેઠકો માટે પ્રવેશની કામગીરી ચાલુ છે. આથી આ કોર્ષમાં વિનામૂલ્યે તાલીમ માટે ધોરણ-૧૦ પાસ ઉમેદવારોએ www.itiadmission.gujarat.gov.in સાઈટ પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી આઈ.ટી.આઈ. ખાતે તારીખ ૧૯.૧૦.૨૦૨૦ સુધીમાં જમા કરાવવાનું રહેશે. આથી પ્રવેશ ઈચ્છુક બહેનોએ જરૂરી ડોક્યુમેંટ(ધો-૧૦ માર્કશીટ, ટ્રાયલ સર્ટિ, સ્કૂલ લીવીંગ, આધારકાર્ડ, જાતિનું પ્રમાણપત્ર) સાથે સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા આચાર્યશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિસનગરા નાગર પરિવારના પૂર્વ પ્રમુખ પ્રમોદચંદ્ર મહેતાનું અવસાન

ગાંધીનગર, તા.૮

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના અગ્રણી સલાહકાર તથા ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતાનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. જેઓ વિસનગરના વતની હતા અને ગુજરાતની સરકારી વિજ્ઞાન કોલેજમાં ગાંધીનગર, ગુજરાત કોલેજ તથા અન્ય જગ્યાએ પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપેલ હતી. જેઓની ઉંમર ૭૮ વર્ષની હતી. નિવૃત્તિ બાદ જયોતિષ ભગવદગીતા, સંસ્કૃત



વિષયોમાં પીએચડી કરેલ હતી. ગાંધીનગર કોર્ટમાં વકીલાત તરીકે પણ સેવાઓ આપતા હતા.

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના અગ્રણી સલાહકાર તથા પ્રમુખ તરીકે તેઓએ સમાજને ટેકનોક્રેટ તરીકે પ્રવેશ કરાવીને સમાજની વેબસાઈટની શરૂઆત કરાવી હતી આઈ.ટી.નો ભરપૂર ઉપયોગ કર્યો. વિશેષમાં નાગર પરિવારના દરેક કુટુંબનો વ્યકિતગત સંપર્ક સાધી પ્રસાદ ફંડ, વિદ્યોત્તોજક ફંડમાં માતબર દાન મેળવીને વધારો કરવાનોનું શ્રેય તેમના ફાળે જાય છે. પરિવારમાં પ્રમોદકાકાએ યુવાનોને શરમાવે તેવી કામગીરી કરી હતી.

વિસનગરા નાગર પરિવારના પ્રમુખ ડૉ. ભાવેશ મહેતા તથા પત્ની સ્નેહલત્તાબેન, પુત્રવધુ, પૌત્ર તથા પૌત્રીઓ સહિત વિશાળ કુટુંબને શોકમગ્ન બનાવેલ છે. આજરોજ અંતિમયાત્રામાં વિસનગરા નાગર પરિવારના સભ્યો, શિક્ષણજગતના પ્રોફેસરો અને વકીલો જોડાયા હતા.

## શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં માસ્ક વિતરણ કરાયું



ગાંધીનગર નજીકના સુંદરધામ ખાતે કૈલાશવાસી સ્વ. શિવાભારતી બાપુને શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પધારેલા સ્વજનો તથા ભાવિકોને કોરોના વાયરસ સામે લડવા ઉત્તમ સાબિત થયેલા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સિવિલમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ થોડા સમય પહેલા વાહન ચોર ટોળકી માટે હોટ સ્પોટ બની ગયું હતું. સિવિલમાંથી આંતરે દિવસે બાઈક ચોરીના કિસ્સા સામે આવતા હતા. ત્યારે તાજેતરમાં સિવિલની કેન્ટીન પાસેથી પાર્ક કરેલું બાઈક ચોરાયું છે. જેમાં ટીફીન આપીને ખબર અંતર પુછીને નીચે આવીને જોયું તો બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ દહેગામ તાલુકાના ખાડીયા ગામના રામસિંહ બાદરજી ઠાકોર કડીયા કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. રામસિંહે પોતાના કામ અર્થે સેકન્ડ હેન્ડ હીરોના સ્પ્લેન્ડર બાઈકની ખરીદી કરી હતી. ફરીયાદીની દિકરીને સિવિલમાં એડમીટ કરી હતી. તે સમયે ફરીયાદી પતિ-પત્નિ બાઈક લઈને ટીફીન લઈને આવ્યા હતા. અને બાઈક કેન્ટીન પાસે લોક મારીને પાર્ક કર્યું હતું. ત્યારબાદ દિકરી એડમીટ હતી ત્યાં ગયા હતા અને બપોરના ત્રણ વાગે પરત ફર્યા હતા. પરંતુ બાઈક જે તે સ્થળે બાઈક ન હતું. જેથી ફરીયાદીએ બે દિવસ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક નહી મળી આવતા આખરે તેઓએ સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


## બંધ સ્વર્ણિમ પાર્કની બહારની જગ્યામાં યોગ-પ્રાણાયામ

શહેરમાં કોરોના સંક્રમણના કેસો વધતા જઈ રહ્યા છે. કોરોના વાયરસ સામે લડવામાં યોગ-પ્રાણાયામ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે જેના કારણે શહેરમાં યોગ-પ્રાણાયામ કરવા નાગરિકોમાં જાગૃતિ અને ઉત્સાહ પણ વધી રહ્યો છે. જો કે અત્યારે શહેરમાં આંશિક લૉકડાઉનના નિયમો અનુસાર જાહેરા પાર્ક કે બગીચા ખુલ્લા મુકાયા ના હોવાથી



યોગાર્થીઓ સ્વર્ણિમ પાર્કની બહારની જગ્યામાં યોગ-પ્રાણાયામ કરતા જોવા મળી રહ્યા છે.

# એલડીઆરપી પાસે મારૂતિવાનમાં અચાનક આગ ભભુકી





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ગ-૫ થી ખ-૫ તરફના માર્ગ પર બપોરના સુમારે અચાનક મારૂતિ વાન અચાનક આગ ભભુકી ઉઠી હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે મારૂતિ વાનનો આગળનો ભાગ બળી ગયો હતો.

મળતી વિગત મુજબ અમદાવાદના રહીશ મનિષભાઈ શાહ તેમની મારૂતિ વાન નં. જી.જે.૦૧.ડી.સી.-૩૮૪૮ ડ્રાઈવર સાથે અમદાવાદ - ગાંધીનગર ઈડલી ઢોંસાનું ખીરૂ આપવાનો વેપાર કરે છે. ત્યારે આજે બપોરના સુમારે તેઓ ગ-૫ થી ખ-૫ તરફ જઈ રહ્યા હતા તે સમયે અચાનક તેમની મારૂતિવાનમાંથી ધુમાડા નીકળતા હતા. જેથી સમય સુચકતા વાપરીને મનિષભાઈ અને તેમના ડ્રાઈવર બંન્ને નીચે ઉતરી ગયા હતા. તેઓએ આગ ઓલવવા માટે પ્રયત્ન કર્યો હતો. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલીક ફાયરના જવાનો પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે મારુતીવાનમાં આગ વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. આગને પગલે વાનમાં આગળના ભાગને વધુ નુકશાન થવા પામ્યું છે. જયારે આગની ઝપેટમાં આવી ગયેલી મારૂતિ વાનને પગલે થોડીવાર માટે તે માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

# પેથાપુર ફતેપુરા કટ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર - મહુડી માર્ગ પર પેથાપુર પોલીસ મથકના જવાનો ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા તે સમયે રમેશસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે વિજાપુરથી ગાંધીનગર તરફ હોન્ડા સીટી કાર નં. એમ.એચ.૦૪સી.બી,-૮૦૭૪ વિદેશી દારુ ભરીને પસાર થવાની છે. જેને પગલે પોલીસ વોચમાં હતી તે સમયે ઉપરોકત નંબર મુજબની ગાડી દેખાતા તેઓ પીછો કરતા ચાલકને પોલીસે હોવાનું લાગતા તેણે ફતેપુરા કટ પાસેથી પોતાની હોન્ડા સીટી વિજાપુર તરફ વાળી દીધી હતી.

ત્યારબાદ પીપળજથી ગાંધીનગર તરફ હંકારી હતી. તે સમયે પોલીસે કારનો પીછો કરતા હોન્ડાસીટી કાર ચાલકને ફતેપુરા કટ પાસેથી પોલીસે કોર્ડન કરી દબોચી લીધો હતો. પોલીસે કાર ચાલકનું નામ પુછતા તેણે હાકીમ પતિરામ કુશવા (ઉં.૨૬ રહે, મેઘાણીનગર) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દારૂ, મોબાઈલ સહિત કુલ રૂ. ૨,૬૬,૭૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના સભ્યો જોગ

ગાંધીનગર, તા.૮

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા વિજયાદશમી મહોત્સવની ઉજવણી, નવરાત્રી ગરબા ઉજવી, શરદપૂર્ણિમા ઉજવણી તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો હાલના સંજોગોને ધ્યાને લઈ મોકૂફ રાખવામાં આવેલ છે. જો કે પરિવારના સભ્યોના બાળકોનો ઉત્સાહ વધારવા અને પ્રોત્સાહન આપવાના હેતુસર વિદ્યાર્થી સરસ્વતી સન્માન, વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારનું સન્માન, શસ્ત્રપૂજન કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે. તેના માટે તેજસ્વી દિકરા દિકરીઓની માર્કશીટ/પ્રમાણપત્રો ફોર્મ સાથે સેકટર-૧૭, સમાજ કાર્યાલય ખાતે તા. ૧૫-૧૦-૨૦૨૦ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. શિલ્પાબેન પોપટભાઈ દંતાણી, ઉ.વ. ૨૮, સેકટર-૨૮, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. રમેશસિંહ લાલસિંહ રાઠોડ, ઉ.વ. ૩૫, બોભા, તા. પ્રાંતિજ, સાબરકાંઠા
- સ્વ. શાહ કિર્તીલાલ મોહનલાલ, ઉ.વ. ૮૫, શાહપુર, અમદાવાદ
- સ્વ. નટવરલાલ વર્ધમાનભાઈ પટેલ, ઉ.વ. ૭૧, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. કૈલાશબેન ધીરજભાઈ, ઉ.વ. ૭૦, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ પ્રવિણચંદ્ર કેશવલાલ, ઉ.વ. ૬૮, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતા, ઉ.વ. ૭૮, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. પરમાર મેનાબેન ગણપતભાઈ, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. બચુભાઈ રામજીભાઈ ડાભી, ઉ.વ. ૪૭, સેકટર-૨૮, છાપરાં, ગાંધીનગર
- સ્વ. અજયકુમાર તુકારામ વનિકા, ઉ.વ. ૫૨, ચંદ્રપુર, મુંબઈ, મહારાષ્ટ્ર
- સ્વ. વર્ષાબા ભરતસિંહ ઝાલા, ઉ.વ. ૪૩, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. પટેલ નીલમબેન વિજયભાઈ, ઉ.વ. ૨૮, ધોળાકુવા, તા. ગાંધીનગર

# ટોરેન્ટો ગુજરાતી આઈકોનિક ફિલ્મ ફેસ્ટિવલમાં 'વેલકમ ટુ હેવન' શોર્ટ ફિલ્મને એવોર્ડ

## ગાંધીનગર ખાતે મેરીટાઈમ બોર્ડમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે કાર્યરત જાણીતા રંગકર્મી પ્રકાશ જાડાવાલા ફિલ્મના લેખક, દિગ્દર્શક અને અભિનેતા

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં ટોરેન્ટો ગુજરાતી આઈકોનિક ફિલ્મ ફેસ્ટિવલમાં 'વેલકમ ટુ હેવન' નામની આ શોર્ટ ફિલ્મને એવોર્ડ આપી સન્માનવામાં આવી છે. કેનેડા ખાતેના ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત અને આરવી ટેલ આયોજિત આ એવોર્ડ સમારોહનું આયોજન અને સંચાલન હેતલ ઠક્કર અને અરવિંદ વેગડા એ કર્યું હતું. 'વેલકમ ટુ હેવન' શોર્ટ ફિલ્મના લેખક, દિગ્દર્શક અને અભિનેતા 'પ્રજા'ના નામે જાણીતા એવા પ્રકાશ જાડાવાલા છે. જેઓ હાલ ગાંધીનગર ખાતે ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં વિદ્યુત વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે સેવાઓ આપી રહ્યા છે. તો અગાઉ યુવક સેવા સાંસ્કૃતિક વિભાગમાં કાર્યરત રહીને છ વર્ષ સુધી સાંસ્કૃતિક કુંજના ઈન્ચાર્જ તરીકે તેમજ તે પછી મંત્રી સૌરભ પટેલના અંગત મદદનિશ તરીકે દસ વર્ષ સેવાઓ આપી ચૂકયા છે કાલે રાજયમાં રંગભૂમિ ક્ષેત્રે પણ અદકેરુ નામ ધરાવે છે.

જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત જ છે પણ આ સનાતન સત્ય ભૂલી જઈ કાળામાથાનો માનવી ભૌતિક સુખ પાછળ દોડતો રહે છે. આવો જ એક માનવી 'પ્રજા' મૃત્યુ પછી સ્વર્ગના દરવાજે જઈને ઊભા રહે છે, ત્યારે સ્વર્ગના પ્રવેશદ્વારે એને અટકાવી સ્વર્ગમાં પ્રવેશવા માટેની લાયકાત રજૂ કરવા કહેવામાં આવે છે. અબૂધ 'પ્રજા' સ્વર્ગમાં પ્રવેશવા માટે આધાર કાર્ડ, પાસપોર્ટ રજૂ કરે છે. સ્વર્ગના દ્વારપાળ એ નથી ચલાવતા, તો દુનિયાના સામાન્ય રિવાજ પ્રમાણે આ માનવી લાંચ આપવાનો નિષ્ફળ પ્રયાસ પણ કરે છે. મૃત્યુ પામેલ આ માનવીની આ સમગ્ર સફર ફેસબુક ઉપર જીવંત પ્રસારણ થઈ રહ્યું હોય છે આથી 'પ્રજા'ના ઘરના સભ્યો એને મંદિરમાં દાન કર્યાની પહોંચ પણ વોટસઅપ મારફત મોકલાવે છે છતાં એ માનવી ને સ્વર્ગમાં પ્રવેશ નથી મળતો. આખરે એક તદ્દન અલગ જ પ્રકારની પ્રવૃતિ રજૂ કરવાથીએ માનવીને સ્વર્ગમાં પ્રવેશ મળી જાય છે અને અપ્સરાઓ એ 'પ્રજા'નું ગુલાબથી સ્વાગત કરે છે.

'સ્વર્ગમાં સ્વાગત છે' એટલે કે 'વેલકમ ટુ હેવન' નામની આ શોર્ટ ફિલ્મને તાજેતરમાં ટોરેન્ટો ગુજરાતી આઈકોનિક ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ આપી સન્માનવામાં આવી છે. કેનેડા ખાતેના ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત અને આરવી ટેલ આયોજિત આ એવોર્ડ સમારોહનું આયોજન અને સંચાલન હેતલ ઠક્કર અને અરવિંદ વેગડા એ કર્યું હતું.

'વેલકમ ટુ હેવન' શોર્ટ ફિલ્મના લેખક, દિગ્દર્શક અને અભિનેતા 'પ્રજા' ના નામે લોકપ્રિય એવા પ્રકાશ જાડાવાલા છે. આ શોર્ટ ફિલ્મમાં ગુજરાતી 'ભાઈ ભાઈ' ફેઈમ રોકસ્ટાર અરવિંદ વેગડા એ યમરાજની અદભૂત ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત મનીષા શાહ, પ્રગતિ આહિર, નિલેશ ધોળકિયા, દામિની માહિ તથા અન્ય કલાકારોએ ભાગ ભજવ્યો છે.

આ શોર્ટ ફિલ્મનું સૌથી મહત્વનું પાસુ એ છે કે આ આખી ફિલ્મ યુનિવર્સલ લેન્ગવેજમાં છે અર્થાત્ એકપણ સંવાદ નથી. એટલે સમગ્ર વિશ્વનો કોઈપણ વ્યક્તિ આ ફિલ્મ માણી શકે છે.

ટોરોન્ટો ગુજરાતી આઈકોનિક ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ મળવા બદલ અને ગુજરાતી કલાકારોનું નામ વિશ્વસ્તરે ગુંજતું કરવા બદલ નિર્માત્રી પૂર્વી જાડાવાલા સહિત સમગ્ર ટીમ પર અભિનંદન વર્ષા વરસી રહી છે.

